અપીલ અરજી નં.૨૦/૦૮–૦૯ તા. ૨૨–૪–૦૮

અરજદારઃ શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારી
સામાવાળાઃઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન

## હુકમઃ–

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારીનીતા.૨૦–૨–૦૮ની અરજીથી રસીદ નં.૪૨૪૯૩૬ અને રસીદ નં.૪૨૪૯૩૭ તા.૧૮–૧૦–૦૭ ની નકલ અને તેની વિગતો આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૨–૪–'૦૮ ની અપીલ અરજી નં.૨૦/૦૮–૦૯.

શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારીની તા.૨૦–૨–૦૮ની અરજીથી સુરત મહાનગરપાલિકાની રસીદ નં.૪૨૪૯૩૬ અને રસીદ નં.૪૨૪૯૩૭ તા.૧૮–૧૦–૦૭ ની નકલ અને તે કયા અનુસંધાનને ભરાયેલ છે તેની માહિતી આપવા બાબતે કોઈ જવાબ નહીં મળતા નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૨–૪–'૦૮ના રોજ અપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત માહિતિના અનુમાનિત ઈન્કાર અંગે વાજબીપણું તેમજ વિલંબ અંગેની સ્પષ્ટતા સહિત કોઈ વિશેષ માહિતી હોઈ તો તેની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૭ તા.૨૪–૪–૦૮ ના રોજ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને પૂરક માહિતી માંગતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુંસંધાને અત્રેના વિભાગને આજ દિન સુધી માહિતી મળેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીથી માંગેલ માહિતી કાયદા અને નિયમની જોગવાઈને અનુસરીને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા માટે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારી,